| Received on : | ૨૦-૦૧-૨૦૨૬ | | |
| --- | --- | --- | --- |
| Registered on : | ૨૦-૦૧-૨૦૨૬ | | |
| Decided on : | ૦૨-૦૪-૨૦૨૬ | | |
| Duration : | Year | Month | Days |
| | ૦૦ | ૦૨ | ૧૨ |

# દિયોદર ના મહે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, દિયોદર, જી. બનાસકાંઠા

આંક._____.

## ક્રિમીનલ કેસ નંબર. ૧૭૨/૨૦૨૬

ફરીયાદી :- શ્રી સરકાર
(જગદીશભાઇ હરગોવનભાઇ જોષી)

વિરૂધ્ધ

આરોપીઓ :-
૧. કિરણભાઇ રામેશ્વરભાઇ જોષી
૨. સવરામભાઇ રામસુંગભાઇ જોષી
૩. ભરતભાઇ સવરામભાઇ જોષી
૪. કાશીરામભાઇ સવરામભાઇ જોષી

તમામ રહેવાસી. સુરાણા, તા. દિયોદર,
જી. વાવ-થરાદ.

બાબત : ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૫(૨), ૧૧૭(૨), ૨૯૬(૨), ૩૫૧(૩), ૫૪ અને ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ નો ગુનો

સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ. આર. બ્રાહમણ
આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી. એન. એમ. રબારી

-: જ જ મે ન્ટ :-

૧. ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે તારીખ ૨૬.૧૦.૨૦૨૫ ના રોજ બપોરના કલાક ૧૪.૩૦ વાગ્યાના સુમારે મોજે સુરાણા, તા. દિયોદર મુકામે આ કામના આરોપીઓએ એકસંપ થઇ ફરીયાદીના ઘરે આવી ભુદરભાઇ અમીરામભાઇ જોષીના બારમા માં જવાની ના પાડી માબેન સામી ભુંડી ગાળો બોલી આરોપી નં.૧ નાએ ફરીયાદીને લોખંડની ટોમી જમણા હાથ ઉપર મારી ઇજા પહોંચાડી ફ્રેકચર કરી તથા આરોપી નં.૨ નાએ પોતાના હાથમાં રહેલ લાકડી ફરીયાદીને ડાબા પગે મારી ગંભીર પ્રકારની ઇજાઓ કરી તથા આરોપી નં.૩ અને ૪ નાઓએ પોતાના હાથમાં રહેલ લાકડી ફરીયાદીને બરડામાં પાછળના ભાગે તથા શરીરે મુઢ માર મારી ઇજા પહોંચાડી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી મે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદ ફરીયાદી જગદીશભાઇ હરગોવનભાઇ જોષી નાઓએ દિયોદર પોલીસ સ્ટેશનમાં દાખલ કરાવતા પોલીસે ગુના રજીસ્ટર નં. પાર્ટ એ ૧૧૯૯૬૦૦૩૨૫૦૯૬૮/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૫(૨), ૧૧૭(૨), ૨૯૬(૨), ૩૫૧(૩), ૫૪ અને ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ અન્વયેનો ગુનો નોંધેલ છે. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૩૫(૩) ની જોગવાઇઓ મુજબ નોટીસ આપી ગુનાની તપાસના કામે બોલાવી ચાર્જશીટ થયેથી કોર્ટમાં હાજર રહેવા સમજ કરેલ અને ત્યારબાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોઇ તેઓ વિરૂધ્ધનું હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ કામે આરોપીઓને સમન્સની બજવણી થયેથી આરોપીઓ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ હોવાની ખાત્રી કરવામાં આવેલ અને ત્યારબાદ આ કામે આંક ૫ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવતા આંક ૬ થી આંક ૯ સુધીના નિવેદનોથી આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરતા આરોપીઓ વિરૂધ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. આ કામે ટ્રાયલ દરમ્યાન ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**—:: મૌ ખી ક પુ રા વો ::—**

- આંક ૧૨ થી ફરીયાદી જગદીશભાઇ હરગોવનભાઇ જોષી ની જુબાની

**—:: દ સ્તા વે જી પુ રા વો ::—**

- આંક ૧૩ થી અસલ ફરીયાદ
- આંક ૧૪ થી ગુનાવાળી જ્ગ્યાનું પંચનામું
- આંક ૧૫ થી આરોપીઓની શરીરસ્થિતી અને મુદદામાલ કબજે કર્યા અંગેનું પંચનામું
- આંક ૧૬ થી ફરીયાદી જગદીશભાઇ હરગોવનભાઇ જોષી નાઓએ ક્રિષ્ણા ઓર્થોપેડીક હોસ્પીટલ, દિયોદર ખાતે સારવાર કરાવેલ તેનું મેડીલોલીગલ સર્ટીફીકેટ

આ કામે પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવેલ હોવા છતાં ફરીયાદપક્ષ તરફે અન્ય કોઇ સાહેદો હાજર રહેલ નથી અને આ કામે ફરીયાદપક્ષ તરફે મે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના હથીયારબંધીના જાહેરનામું પણ રજુ કરેલ નથી. ત્યારબાદ ફરીયાદીએ આંક ૧૭ થી પુરાવો બંધ કરવાની અને આ કામમાં કોઇ વધુ મૌખીક કે લેખીત પુરાવો આપવો નથી તેમ પુરશીશ થી જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૩૫૧ અન્વયેનું આરોપીઓનું વધારાનું નિવેદન લેતા આરોપીઓએ તમામ હકીકતોનો સ્પષ્ટ ઇન્કાર કરી તેમના વિરૂધ્ધ ખોટો કેસ કરેલ

હોવાની અને તેઓ નિર્દોષ હોવાની હકીકત જણાવેલ છે. આરોપીઓએ કોઇ બચાવના સાહેદો તપાસેલ નથી કે તેઓએ જાતે પણ સોગંદ ઉપર જુબાની આપેલ નથી.

૪. ત્યારબાદ સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ. આર. બ્રાહમણ તથા આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી. એન. એમ. રબારી ની દલીલો સાંભળી.

૫. ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ ઉપરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે સાબીત કરે છે કે તારીખ ૨૬.૧૦.૨૦૨૫ ના રોજ બપોરના કલાક ૧૪.૩૦ વાગ્યાના સુમારે મોજે સુરાણા, તા. દિયોદર મુકામે આ કામના આરોપીઓએ એકસંપ થઇ ફરીયાદીના ઘરે આવી ભુદરભાઇ અમીરામભાઇ જોષીના બારમા માં જવાની ના પાડી માબેન સામી ભુંડી ગાળો બોલી આરોપી નં.૧ નાએ ફરીયાદીને લોખંડની ટોમી જમણા હાથ ઉપર મારી ઇજા પહોંચાડી ફ્રેકચર કરી તથા આરોપી નં.૨ નાએ પોતાના હાથમાં રહેલ લાકડી ફરીયાદીને ડાબા પગે મારી ગંભીર પ્રકારની ઇજાઓ કરી તથા આરોપી નં.૩ અને ૪ નાઓએ પોતાના હાથમાં રહેલ લાકડી ફરીયાદીને બરડામાં પાછળના ભાગે તથા શરીરે મુઢ માર મારી ઇજા પહોંચાડી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી મે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૫(૨), ૧૧૭(૨), ૨૯૬(૨), ૩૫૧(૩), ૫૪ અને ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૬. ઉપરોક્ત મુદદાઓના મારા નિર્ણયના કારણો અને તારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

## -: કારણો :-

*મુદદા નંબર ૧* :-

૭. મુદદા નંબર ૧ નું સ્વરૂપ તથા હાલના આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપીત ગુનાના આક્ષેપના સ્વરૂપને ધ્યાને લેતા તથા આરોપીઓ સામેના આક્ષેપીત ગુનાની જોગવાઇઓના હાર્દને જોતા હાલના આક્ષેપ મુજબનો બનાવ બનવા પામેલ હોય તેવી બાબત પુરતા અને નિશંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે રહેલ છે. સદરહુ કામે પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપીઓ વિરૂધ્ધનો ગુનો જ્યાં સુધી નિશંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીઓ નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે અને સાથે સાથે એક એવું પણ અનુમાન હોય છે કે જે સાહેદ કોર્ટ સમક્ષ સોગંદ ઉપર પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઇ માર્ગદર્શન આપવામાં આવેલ નથી પરંતુ દરેક કેસના અને હકીકતોના સંદર્ભે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહેલ છે અને પાયાના સુસ્થાપીત સિધ્ધાંતોને ધ્યાને લઇને આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

૮. આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓ વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત મુજબ, આ કામના આરોપીઓ એકસંપ થઇ ફરીયાદીના ઘરે ગયેલ હોવાની અને આરોપીઓએ ફરીયાદીને ભુદરભાઇ અમીરામભાઇ જોષીના બારમા માં જ્વાની ના પાડી માબેન સામી ભુંડી ગાળો બોલેલ હોવાની અને આરોપી નં.૧ નાએ ફરીયાદીને લોખંડની ટોમી જમણા હાથ ઉપર મારી ઇજા પહોંચાડી ફ્રેકચર કરેલ હોવાની તેમ જ આરોપી નં.૨ નાએ પોતાના હાથમાં રહેલ લાકડી ફરીયાદીને ડાબા પગે મારી ગંભીર પ્રકારની ઇજાઓ પહોંચાડેલ હોવાની તથા આરોપી નં.૩ અને ૪ નાઓએ પોતાના

હાથમાં રહેલ લાકડી ફરીયાદીને બરડામાં પાછળના ભાગે તથા શરીરે મુઢ માર મારી ઇજા પહોંચાડેલ હોવાની અને આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોવાની અને આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હોવાની અને આરોપીઓએ મે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, બનાસકાંઠા ના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવી ફરીયાદની તમામ આવશ્યક બાબતો ફરીયાદપક્ષે નિશંકપણે પુરવાર કરવી જોઇએ.

૯. આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે મહત્વના સાહેદ ફરીયાદી જગદીશભાઇ હરગોવનભાઇ જોષી ને આંક ૧૨ થી સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ તારીખ ૨૬.૧૦.૨૦૨૫ ના રોજ કલાક ૧૪.૩૦ વાગે તેમના ઘર પાસે આવેલ રસ્તામાં બનેલ હોવાનું જણાવી તે સમયે તેમના ગામના કિરણભાઇ રામેશ્વરભાઇ જોષી, સવરામભાઇ રામસુંગભાઇ જોષી, ભરતભાઇ સવરામભાઇ જોષી અને કાશીરામભાઇ સવરામભાઇ જોષી સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી અને હોબાળો સાંભળી ઘણા માણસોનું ટોળું ભેગું થઇ ગયેલ અને ટોળામાં હોહા નાસભાગ અને ધકકામુકકી થવાના કારણે કોણ શું બોલતું હતું તે સંભળાતું કે સમજાતું ન હોવાનું જણાવી ટોળાની ધકકામુકકી અને નાસભાગમાં તેઓ નીચે પડી જતા તેઓને સામાન્ય ઇજાઓ થયેલી અને ઇજા સબંધે તેઓએ ક્રિષ્ણા હોસ્પીટલ, દિયોદર ખાતે સારવાર કરાવેલ અને તે સીવાય બીજું કાંઇ બનેલ ન હોવાનું જણાવી તે બનાવ બાબતે તેઓએ દિયોદર પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ આપેલ હોવાની હકીકત જણાવેલ છે અને તે ફરીયાદ આ કામે આંક ૧૩ થી રજુ કરેલ છે, તે વંચાણે લીધેલ છે. આ કામે ખુદ ફરીયાદીએ પોતાની ફરીયાદની હકીકતને સમર્થન આપેલ ન હોઇ, તેઓને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ વિધ્વાન એ.પી.પી. શ્રી તરફેની ઉલટતપાસમાં પણ ફરીયાદી પોતાની સરતપાસ મુજબની હકીકતોને વળગી રહેલ છે અને તેઓએ તેમની ફરીયાદમાં “તેઓ એકદમ ઉશ્કેરાઇ ગયેલ અને મને ના શોભે તેવી માબેન સામી ભુંડી તથા બિભત્સ ગાળો બોલવા લાગેલ જેથી અમોએ ગાળો બોલવાની ના પાડતા તેઓ બધા એકદમ ઉશ્કેરાઇ જઇને કિરણભાઇ રામેશ્વરભાઇ જોષીએ તેમના હાથમાં રહેલ લોખંડની ટોમી મારા જમણા હાથ ઉપર મારેલ તથા

સવરામભાઇ રામસુંગભાઇ જોષીએ તેમના હાથમાં રહેલ લાકડી મારા ડાબા પગ ઉપર મારેલ તથા ભરતભાઇ સવરામભાઇ જોષી તથા કાશીરામભાઇ સવરામભાઇ જોષીએ તેઓના હાથમાં રહેલ લાકડી વડે મને શરીરે આડેધડ મારવા લાગેલ હતા અને મને બરડામાં પાછળના ભાગે મુઢ માર મારેલ હતો જેથી અમોએ રાડા રાડી કરતા ઘરમાંથી મારી પત્ની દોડીને આવતા તેઓ નાસી ગયેલ હતા અને જતા જતા કહેતા ગયા કે આજે તો બચી ગયો બીજી વાર તને જીવતો રહેવા દેવાનો નથી તેમ કહી જતા રહેલ હતા અને ત્યાં થોડીવારમાં મારા ભાઇ બાબુભાઇ હરગોવનભાઇ જોષી તથા મારા બાપાનો દિકરો ગોવિંદભાઇ જીવણભાઇ જોષી આવી ગયેલ હતા અને મને શરીરના ભાગે મુઢ માર વાગેલ હોય તથા જમણા હાથે તથા ડાબા પગે ગંભીર ઇજાઓ થયેલ હોય જેથી મારા ભાઇ બાબુભાઇ તથા મારા બાપાનો દિકરો ગોવિંદભાઇ મને પ્રાઇવેટ વાહનમાં બેસાડીને દિયોદર ઓર્થોપેડીક ક્રિષ્ણા હોસ્પીટલ ખાતે સારવાર સારુ લાવેલ હતા ત્યાં ફરજ ઉપરના ડોકટર શ્રીએ મને જમણા હાથે ફ્રેકચર થયેલ હોવાનું જણાવેલ છે અને હાલમાં મારી સારવાર ચાલુમાં છે અને હું સંપુર્ણ ભાનમાં છું. તો ઉપરોકત કિરણભાઇ રામેશ્ર્વરભાઇ જોષી તથા સવરામભાઇ રામસુંગભાઇ જોષી તથા ભરતભાઇ સવરામભાઇ જોષી તથા કાશીરામભાઇ સવરામભાઇ જોષી, તમામ રહે. સુરાણા, તા. દિયોદર નાઓએ મારા ઉપર હુમલો કરેલ હોય જેથી તેઓ વિરૂધ્ધ ધોરણસર તપાસ થવા મારી ફરીયાદ છે" તેવી હકીકતો લખાવેલ હોવાનો સ્પષ્ટ ઇન્કાર કરેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં પણ સદર સાહેદ ફરીયાદીએ આ કામે ફરીયાદ તેમની સાથેના માણસોએ લખાવેલ જે ફરીયાદ તેઓએ વાંચ્યા કે સાંભળ્યા સિવાય તેમાં સહી કરેલ અને બનાવ સમયે આરોપીઓએ તેમના હાથમાં ટોમી તથા લાકડીઓ ધારણ કરી, ગાળો બોલી ધમકીઓ આપી ટોમી તથા લાકડીઓ વડે માર મારી વ્યથા તથા મહાવ્યથા પહોંચાડેલ હોય તેવો કોઇ બનાવ બનેલ ન હોવાની હકીકત સ્પષ્ટ જણાવેલ છે. આમ મહત્વના સાહેદ ખુદ ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પોતાની ફરીયાદની હકીકતોથી તદદન વિરોધાભાસી હકીકતો જણાવેલ છે અને પોતાની ફરીયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન હોઇ, ખુદ મહત્વના સાહેદ ફરીયાદીની સોગંદ ઉપરની જુબાનીથી ફરીયાદની હકીકત પ્રસ્થાપીત થયેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે અન્ય કોઇ

સાહેદોને તપાસવામાં આવેલ ન હોઇ આંક ૧૭ ની પુરશીશના આધારે ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ.

૧૦. આ કામે બચાવપક્ષ તરફેથી ગુનાવાળી જ્ગ્યાનું પંચનામું અને આરોપીઓની શરીરસ્થિતી અને મુદદામાલ કબજે કરેલ હોવા અંગેનું પંચનામું તે બંને પંચનામા કબુલ મંજુર રાખેલ છે, જે ગુનાવાળી જ્ગ્યાનું પંચનામું આ કામે આંક ૧૪ અને આરોપીઓની શરીરસ્થિતી અને તેઓ પાસેથી મુદદામાલ રીકવર કરેલ તે અંગેનું પંચનામું આંક ૧૫ થી રજુ કરેલ છે, આ બંને પંચનામા વંચાણે લીધેલ છે. પરંતુ ખુદ ફરીયાદીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓએ કે કોઇએ પણ પોલીસને ગુનાવાળી જ્ગ્યા બતાવેલ હોવાની હકીકત જણાવેલ નથી. વધુમાં ખુદ ફરીયાદીએ તેમની જુબાનીમાં બનાવ સમયે હોબાળો સાંભળી ઘણા માણસોનું ટોળું ભેગું થઇ ગયેલ અને ટોળામાં હોહા નાસભાગ અને ધકકામુકકી થવાના કારણે કોણ શું બોલતું હતું તે સંભળાતું કે સમજાતું ન હોવાનું જણાવી ટોળાની ધકકામુકકીમાં અને નાશભાગમાં ફરીયાદી જ્ગદીશભાઇ હરગોવનભાઇ જોષી નાઓ નીચે પડી જ્તા તેઓને સામાન્ય ઇજાઓ થયેલ હોવાની સ્પષ્ટતા કરી બનાવ સમયે આ કામના આરોપીઓએ તેમના હાથમાં ટોમી તથા લાકડીઓ ધારણ કરી, ગાળો બોલી ધમકીઓ આપી ટોમી તથા લાકડીઓ વડે માર મારી વ્યથા તથા મહાવ્યથા પહોંચાડેલ હોય તેવું બનેલ ન હોવાની સ્પષ્ટતા કરેલ છે. આમ, આ કામના આરોપીઓએ ફરીયાદીને ટોમી અને લાકડીઓ વડે તેમ જ ગડદાપાટુનો માર મારી ઇજાઓ પહોંચાડેલ હોવાની અને ભુંડી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોવાની ફરીયાદની હકીકતોને ખુદ ફરીયાદીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન આપેલ ન હોઇ, રજુ થયેલ પુરાવા ઉપર થી ફરીયાદની હકીકતો પુરવાર થયેલ નથી. વધુમાં આ કામે રજુ થયેલ પુરાવા ઉપરથી બનાવ વખતે આરોપીઓ પાસે કોઇ હથીયાર હોય તેવી હકીકત પણ ફરીયાદીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ ન હોઇ, આ કામે રજુ થયેલ આંક ૧૫ ના મુદદામાલ રીકવરી અંગેના પંચનામાની હકીકતોને પણ ફરીયાદીની જુબાનીથી સમર્થન મળેલ ન હોઇ અને આ કામે ફરીયાદીએ પોલીસને ગુનાવાળી જ્ગ્યા બતાવેલ હોય તેવું પણ જણાવેલ ન હોઇ, સદર આંક ૧૪ ના ગુનાવાળી જ્ગ્યાના પંચનામાની હકીકતોને પણ ફરીયાદીની

જુબાનીથી સમર્થન મળેલ નથી. વધુમાં આ કામે બચાવપક્ષ તરફે કબુલ રાખવામાં આવેલ આંક ૧૪ અને આંક ૧૫ ના ગુનાવાળી જ્યાનું પંચનામું અને આરોપીઓની શરીરસ્થિતી અને મુદદામાલ રીકવરી અંગેના પંચનામા તે બંને પંચનામા તે સાંયોગીક પુરાવા છે. જ્યારે મુખ્ય પુરાવાથી જ ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતું ન હોય ત્યારે સાંયોગીક પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને ગુના સાથે સાંકળી તકસીરવાર ઠરાવી શકાય નહી. જેથી આ સાંયોગીક પુરાવા આધારે પણ આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો પુરવાર થતો નથી.

૧૧. આ કામે બચાવપક્ષ તરફે ફરીયાદી જગદીશભાઇ હરગોવનભાઇ જોષી ના સારવાર અંગેના મેડીકોલીગલ સર્ટીફીકેટને કબુલ મંજૂર રાખેલ છે, જે સર્ટીફીકેટ આ કામે આંક ૧૬ થી રજુ થયેલ છે, જે સારવાર બાબતના સર્ટીફીકેટને વંચાણે લીધેલ છે. પરંતુ ખુદ ફરીયાદીએ તેમની જુબાનીમાં આરોપીઓએ ફરીયાદીને ટોમી અને લાકડીઓ વડે તેમ જ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી વ્યથા તથા મહાવ્યથા પહોંચાડેલ હોવાની ફરીયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને આ કામે ખુદ ફરીયાદીએ બનાવમાં આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાની અને તે વખતે હોબાળો સાંભળી ઘણા માણસોનું ટોળું ભેગું થઇ ગયેલ અને ટોળામાં હોહા નાસભાગ અને ધકકામુકકી થવાના કારણે કોણ શું બોલતું હતું તે સંભળાતું કે સમજાતું ન હોવાનું જણાવી ટોળાની ધકકામુકકીમાં અને નાશભાગમાં ફરીયાદી જગદીશભાઇ હરગોવનભાઇ જોષી નાઓ નીચે પડી જતા તેઓને સામાન્ય ઇજાઓ થયેલ હોવાનું સ્પષ્ટ જણાવી આ કામે ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ આપેલ હોવાની હકીકત પણ સ્પષ્ટ જણાવેલ હોઇ આ કામે આરોપીઓએ ફરીયાદીને ટોમી અને લાકડીઓ વડે તેમ જ ગડદાપાટુનો માર મારી ઇજાઓ પહોંચાડેલ હોવાની હકીકતને ખુદ ફરીયાદીની જુબાનીથી સમર્થન મળેલ નથી. વધુમાં આ કામે રજુ થયેલ પુરાવા ઉપરથી ફરીયાદીએ તેમની જુબાનીમાં હાલના આરોપીઓએ ફરીયાદીને ટોમી અને લાકડીઓ વડે તેમ જ ગડદાપાટુનો માર મારી ઇજાઓ પહોંચાડેલ હોઇ તેવી કોઇ સ્પષ્ટ હકીકત પણ જણાવેલ નથી અને વધુમાં ખુદ ફરીયાદીએ તેઓની જુબાનીમાં ફરીયાદીને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ અને તે સીવાય બીજું કાંઇ બનેલ ન હોવાની સ્પષ્ટતા કરેલ હોઇ, રજુ થયેલ પુરાવા ઉપરથી આ કામે

આરોપીઓએ ફરીયાદીને ટોમી અને લાકડીઓ વડે તથા ગડદાપાટુનો માર મારેલ હોય કે આરોપીઓએ ફરીયાદીને એવા કોઇ પ્રકારની ઇજા કરેલ હોય કે આરોપીઓએ ફરીયાદીને ભુંડી બિભત્સ ગાળો આપેલ હોય કે આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની કોઇ ધમકીઓ આપેલ હોવાની ફરીયાદની કોઇ હકીકતો પુરવાર થયેલ નથી. આ કામે રજુ થયેલ સારવાર બાબતના સર્ટીફીકેટો ને પણ ધ્યાને લેવામાં આવે તો તે ઉપરથી આ કામના ફરીયાદી જગદીશભાઇ હરગોવનભાઇ જોષી નાઓએ ક્રિષ્ણા ઓર્થોપેડીક હોસ્પીટલ, દિયોદર ખાતે સારવાર લીધેલ હોવાની હકીકત પ્રસ્થાપીત થાય છે અને વધુમાં સદર સારવારના સર્ટીફીકેટ ઉપરથી ફરીયાદી જગદીશભાઇ હરગોવનભાઇ જોષી નાઓને ક્રિષ્ણા ઓર્થોપેડીક હોસ્પીટલ, દિયોદર ખાતે ડોકટર શ્રીએ તારીખ ૨૬.૧૦.૨૦૨૫ ના રોજ અંદરના દર્દી તરીકે દાખલ કરી સારવાર આપેલ અને ત્યારબાદ તારીખ ૨૮.૧૦.૨૦૨૫ ના રોજ રજા આપેલ હોવાનું જણાઇ આવે છે, પરંતુ સદર સારવારના સર્ટીફીકેટમાં ફરીયાદી જગદીશભાઇ હરગોવનભાઇ જોષી ને ઇજાઓ આ કામના આરોપીઓએ પહોંચાડેલ હોય તેવી કોઇ હિસ્ટરી લખાવેલ હોવાનું ફલીત થતું નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી જગદીશભાઇ હરગોવનભાઇ જોષી ની સારવાર કરનાર ડોકટરશ્રીને પણ હાલના કામે સાહેદ તરીકે તપાસેલ નથી અને વધુમાં આ કામે ખુદ ફરીયાદીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદની હકીકતોથી તદદન વિરૂધ્ધની વિરોધાભાસી હકીકતો જણાવેલ છે અને ફરીયાદીને આ કામના આરોપીઓએ લોખંડની ટોમી અને લાકડીઓ વડે અને ગડદાપાટુનો માર મારી ઇજા પહોંચાડેલ હોય તેવી ફરીયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન હોઇ, સદર સારવાર બાબતના સર્ટીફીકેટમાં જણાવેલ હકીકતોને ખુદ ફરીયાદીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન આપેલ ન હોઇ, સદર સારવાર બાબતના સર્ટીફીકેટ માં જણાવેલ હકીકતો નિશંકપણે પુરવાર થયેલ હોવાનું ફલીત થતું નથી. આ કામે ફરીયાદીએ આ કામના આરોપીઓએ જ ફરીયાદીને કોઇ ઇજાઓ પહોંચાડેલ હોય તેવું બનેલ ન હોવાનું સ્પષ્ટ જણાવેલ હોઇ, સદર સારવાર બાબતના સર્ટીફીકેટ ઉપરથી બનાવમાં હાલના આરોપીઓએ જ ફરીયાદી જગદીશભાઇ હરગોવનભાઇ જોષી ને કોઇ ઇજાઓ પહોંચાડેલ હોય તેવી હકીકત પ્રસ્થાપીત થયેલ નથી અને આ કામે ખુદ ફરીયાદીએ તેમની જુબાનીમાં હાલના આરોપીઓએ ફરીયાદીને કોઇ ઇજાઓ પહોંચાડેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ ન હોઇ, માત્ર

સારવારના સર્ટીફીકેટને આધારે આ કામે બનાવમાં હાલના આરોપીઓની સંડોવણી પુરવાર થયેલ હોવાનું પ્રસ્થાપીત થયેલ નથી.

૧૨. વધુમાં આ કામે ફરીયાદપક્ષ તરફે જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી નાઓના હથીયારબંધીના જાહેરનામાનો આરોપીઓએ ભંગ કરેલ હોવાનો આક્ષેપ કરેલ છે, પરંતુ હાલના કામે ફરીયાદ મુજબનો બનાવ તારીખ ૨૬.૧૦.૨૦૨૫ ના રોજ બનેલ છે અને સદર ફરીયાદ મુજબના બનાવ સમયે હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા બાબતનો કોઇ દસ્તાવેજી આધાર પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ ફરીયાદીએ બનાવ વખતે હાલના આરોપીઓએ હાથમાં ટોમી અને લાકડીઓ ધારણ કરેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. વધુમાં આ કામે મહત્વના સાહેદ ફરીયાદીએ પણ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ સમયે હાલના આરોપીઓ પાસે લોખંડની ટોમી અને લાકડીઓ હોવાની અને આરોપીઓએ ફરીયાદીને ટોમી અને લાકડીઓ વડે માર મારી વ્યથા તથા મહાવ્યથા પહોંચાડેલ હોય તેવું બનેલ ન હોવાની સ્પષ્ટતા કરેલ છે. આમ આ કામે ફરીયાદપક્ષ તરફે આ કામે કોઇ હથીયારબંધીનું જાહેરનામું રજુ કરવામાં આવેલ ન હોઇ ફરીયાદ મુજબના કહેવાતા બનાવ સમયે આવું કોઇ કહેવાતું હથીયારબંધીનું જાહેરનામું અસ્તીત્વમાં હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને વધુમાં આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવા ઉપરથી કહેવાતા બનાવ સમયે હાલના આરોપીઓના કબજામાં મુદદામાલ લોખંડ ની ટોમી અને લાકડીઓ હોય અને તેના વડે આરોપીઓએ ફરીયાદીને માર મારી ઇજા પહોંચાડેલ હોય તેવો પણ કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોઇ, ફરીયાદ મુજબના કહેવાતા બનાવ સમયે આ કામના આરોપીઓ પાસે કોઇ હથીયાર હોય તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોવાનું જણાઇ આવે છે.

૧૩. આ કામે ગુનાના આવશ્યક તત્વોને ધ્યાને લેવામાં આવે તો ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૫(૨) અને ૧૧૭(૨) ના ગુના માટે આરોપીઓએ ભોગ બનનારને શારીરીક પીડા, રોગ અથવા અશકિત નિપજાવેલ હોય અને આવી ઇજા પહોંચાડવાનો આરોપીઓનો ઇરાદો

હોય અને તેને વ્યથા કે મહાવ્યથા થાય તેવો સંભવ હોવાનું જાણતા હોવા છતાં સ્વેચ્છાપુર્વક ઇજા પહોંચાડવામાં આવેલ હોય. હાલના કેસની હકીકતોને ધ્યાને લેવામાં આવે તો આ કામે ખુદ ફરીયાદીએ તેમની જુબાનીમાં આરોપીઓએ ફરીયાદીને માબેન સામી ભુંડી બિભત્સ ગાળો આપેલ હોય કે આરોપીઓએ ફરીયાદીને ટોમી અને લાકડીઓ વડે અને ગડદાપાટુનો માર મારી ઇજાઓ પહોંચાડેલ હોય તેવી ફરીયાદની હકીકતોથી તદદન વિરૂધ્ધની હકીકતો જણાવેલ છે અને વધુમાં આ કામે ખુદ ફરીયાદીએ તેમની જુબાનીમાં આરોપીઓ પાસે તેઓએ કોઇ હથીયાર જોયેલ હોય અને આરોપીઓએ તે હથીયાર વડે ફરીયાદીને કોઇ ઇજાઓ પહોંચાડેલ હોવાનો સ્પષ્ટ ઇન્કાર કરેલ હોઇ આ કામે આરોપીઓનો ફરીયાદીને ઇજા કરવાનો ઇરાદો કે આરોપીઓએ તેઓને સ્વેચ્છાપુર્વક કોઇ ઇજા પહોંચાડેલ હોય કે આરોપીઓએ જ ફરીયાદી જગદીશભાઇ હરગોવનભાઇ જોષી ને ટોમી અને લાકડીઓ વડે માર મારી અને ગડદાપાટુનો માર મારી ઇજા પહોંચાડેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ હોવાનું સ્પષ્ટ રીતે પ્રસ્થાપીત થયેલ છે.

૧૪. આ કામે આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદીને બિભત્સ ગાળો આપી ફરીયાદીને ટોમી અને લાકડીઓ વડે અને ગડદાપાટુનો માર મારી ઇજા પહોંચાડી અને આરોપીઓએ ફરીયાદીને માબેન સામી ભુંડી બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોવાના આક્ષેપ અંગેના આવશ્યક તત્વો બાબતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ તથા તેઓની ઉલટતપાસ અને રેકર્ડ ઉપરના પુરાવા તથા ઉભયપક્ષની દલીલોનું એક સાથે મુલ્યાંકન કરવામાં આવે તો એ હકીકત નિશંકપણે સાબીત થતી નથી કે આ કામના આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૨૯૬(૨) અને ૩૫૧(૩) મુજબનો કોઇ ગુનો આચરેલ હોય કારણ કે આ કામે ખુદ ફરીયાદીએ તેમની જુબાનીમાં આરોપીઓએ ફરીયાદીને માબેન સામી ભુંડી બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોય કે આરોપીઓએ ફરીયાદીને ટોમી અને લાકડીઓ વડે માર મારેલ હોય કે આરોપીઓએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારેલ હોય અને તે કારણે તેઓને મનમાં ભય ઉભો થયેલ હોય કે તેવી ગાળો આપેલ હોય કે જેથી તેઓનું અપમાન થયેલ હોય અને તેઓ સુલેહ શાંતીનો ભંગ કરવા પ્રેરાયેલ હોય અને તે સંજોગોમાં આ કામના

આરોપીઓને ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૨૯૬(૨) અને ૩૫૧(૩) હેઠળના ગુનાના આવશ્યક તત્વોના અભાવે તકસીરવાર ઠરાવવા ન્યાયોચીત જણાતું નથી. વધુમાં, આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓએ કેવી ગાળો આપેલ તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી અને હાલના કામે ખુદ ફરીયાદીએ તેમની જુબાનીમાં આરોપીઓએ ફરીયાદીને ગાળો આપેલ હોવાની અને આરોપીઓએ ફરીયાદીને ટોમી અને લાકડીઓ વડે માર મારેલ હોય કે આરોપીઓએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારેલ હોવાની અને આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોવાની ફરીયાદની હકીકતોનો પણ સ્પષ્ટ ઇન્કાર કરેલ છે અને બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ અને તે સમયે ઘણા માણસોનું ટોળું ભેગું થઇ ગયેલ અને ટોળામાં હોહા નાસભાગ અને ધકકામુકકી થવાના કારણે કોણ શું બોલતું હતું તે સંભળાતું કે સમજાતું ન હોવાનું જણાવી ટોળાની ધકકામુકકીમાં અને નાશભાગમાં ફરીયાદી જગદીશભાઇ હરગોવનભાઇ જોષી નીચે પડી જતા તેઓને સામાન્ય ઇજાઓ થયેલ હોવાની સ્પષ્ટતા કરેલ હોઇ આરોપીઓએ ફરીયાદીને ટોમી અને લાકડીઓ વડે માર મારેલ હોય કે આરોપીઓએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી કોઇ ઇજાઓ પહોંચાડેલ હોય કે આરોપીઓએ ફરીયાદીને ભુંડી બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોય તેવી કોઇ ફરીયાદની હકીકતો પણ પુરવાર થયેલ નથી. આમ આ કામે રજુ થયેલ પુરાવા ઉપરથી હાલના કિસ્સામાં ફરીયાદીને કોઇપણ ધમકીનો ભય સતત ચાલુ રહેલ હોય તેવી કોઇ જ હકીકત ફરીયાદ પક્ષ ધ્વારા પ્રસ્થાપીત કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવા ઉપરથી એવો કોઇ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે આરોપીઓને હાલના ગુના અંગે તકસીરવાર ઠરાવી શકાય. આમ, ખુદ ફરીયાદીની જુબાની ઉપરથી ફરીયાદની હકીકતો પુરવાર થયેલ હોવાનું પ્રસ્થાપીત થયેલ ન હોઇ આ કામે રજુ થયેલ પુરાવા ઉપરથી ફરીયાદની લેશમાત્ર હકીકતો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ નીવડેલ હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે.

૧૫. આમ આ કામે રજુ થયેલ તમામ પુરાવાઓને ધ્યાને લેવામાં આવે તો એ હકીકત નિર્વિવાદ છે કે આ કામે પક્ષકારો વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ અને રજુ થયેલ પુરાવા ઉપરથી

આ કામના આરોપીઓ એકસંપ થઇ ફરીયાદીના ઘરે ગયેલ હોવાની અને આરોપીઓએ ફરીયાદીને ભુદરભાઇ અમીરામભાઇ જોષીના બારમા માં જવાની ના પાડી માબેન સામી ભુંડી ગાળો બોલેલ હોવાની અને આરોપી નં.૧ નાએ ફરીયાદીને લોખંડની ટોમી જમણા હાથ ઉપર મારી ઇજા પહોંચાડી ફ્રેકચર કરેલ હોવાની તેમ જ આરોપી નં.૨ નાએ પોતાના હાથમાં રહેલ લાકડી ફરીયાદીને ડાબા પગે મારી ગંભીર પ્રકારની ઇજાઓ પહોંચાડેલ હોવાની તથા આરોપી નં.૩ અને ૪ નાઓએ પોતાના હાથમાં રહેલ લાકડી ફરીયાદીને બરડામાં પાછળના ભાગે તથા શરીરે મુઢ માર મારી ઇજા પહોંચાડેલ હોવાની અને આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોવાની અને આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હોવાની અને આરોપીઓએ મે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, બનાસકાંઠા ના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવી ફરીયાદ મુજબની કોઇપણ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદ પક્ષ સદંતર નીષ્ફળ નીવડેલ છે. ફોજદારી ન્યાયના સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ સબળ અને કડીબધ્ધ પુરાવાથી પુરવાર કરવો જોઇએ અને જો પુરાવાની એકપણ કડી તુટતી હોય તો આરોપીઓને ગુના સાથે સાંકળી તકસીરવાર ઠરાવી શકાય નહી. આમ આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા આરોપીઓને ગુના સાથે સાંકળવા પુરતા નથી. જે કાર્યવાહીથી આરોપીઓ પર ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે તે નિશંકપણે સાબિત થયેલ નથી અને તે સંજોગોમાં આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ સજાને પાત્ર ગુનો કરેલ હોવાનું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ નીવડેલ હોઇ શંકાનો લાભ આરોપીઓને મળવાપાત્ર હોઇ આરોપીઓને સજા થઇ શકે નહી તેમ મારું માનવું છે અને તે સંજોગોમાં મુદદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદદા નં.૨ સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -: હુકમ :-

આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૫(૨), ૧૧૭(૨), ૨૯૬(૨), ૩૫૧(૩), ૫૪ અને ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબના સજાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૪૮૧(૧) ની જોગવાઇઓ મુજબ આરોપીઓએ રૂપીયા ૧૦૦૦૦/- ના જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કર્યેથી હાલના કામે અપીલ સમય દરમ્યાન આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવાનો પણ આથી હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમયબાદ નિયમ મુજબ નાશ કરવો.

આજ રોજ તારીખ. ૦૨ જી એપ્રીલ, ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ. ૦૨/૦૪/૨૦૨૬

( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
દિયોદર, જી. બનાસકાંઠા
Judge Code : GJ00572